

સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ

079-23226251

## સલામી સવારની..

પદે પદે, સ્થળે સ્થળે શોષણથી બાલિકા દીન,
દુષ્કર્મોને દુષ્કૃત્યોથી મહાદુઃખી બાલિકા દીન,
પુરુષ-પ્રધાન કાયદે, કચડાતી કૂખે, બાલિકા દીન,
ભોળી, ડમી, રબ્બર સ્ટૅંપ બનતી, બાલિકા દીન,
('બાલિકા દીન' - ઉજવણી)

હાઈકુ

ઉધ્ધાર નથી,
હવે 'બાપુ' સિવાય -
કરો સ્થાપના...
(કોંગી, CM નામની જાહેરાત કરે)

'નોટ'ના તાપે,
કરમાશે કમળ -
જૂથ તળાવે...
(કોંગીને તક છે)

## ચિંતન

આચારવાન્ વિનીતો અકુલીનો અપિ આર્ય :

નમ્ર અને સદાચારી વ્યક્તિ, ઉચ્ચ પરિવારમાં જન્મેલી ન હોય તો પણ આર્ય (શ્રેષ્ઠ) જ છે.

ઉપરોક્ત શ્લોક ચાણક્ય સૂત્રમાંથી લેવામાં આવેલ છે.

કોઈ નીચ કુળમાંથી આવતો હોય અથવા તો કોઈ દુષ્ટને ત્યાં જન્મ લેનારી વ્યક્તિ વિનય, સત્ય, પરોપકાર આદિ સદ્ગુણો અને સદાચારથી મંડિત હોય તો તે કોઈ પણ ઉચ્ચ કુલીન કરતાં શ્રેષ્ઠ છે.

ધાર્મિક ગ્રંથો સ્પષ્ટ કહે છે જાતિ-ધર્મ-કુળ-વયથી કોઈ મોટું (મહાન) થઈ જતું નથી પણ માણસના સંસ્કાર-શિક્ષણ-પાત્રતા-આચાર-વિચાર જ માનવીને 'કુલીન' - સંસ્કારી બનાવે છે. સદ્ગુણોથી માનવી 'માનવીય' બને છે.

## સુવિચાર

- જીનકે દિલ મેં હૈ દર્દ દુનિયા કા, વહી દુનિયા મેં જિંદા રહતે હૈ... જો મિટાતે હૈ ખુદ કો જીતે જી વહી મર કર ભી જીંદા રહતે હૈ - **અલ્તાફ પટેલ**
- લક્ષ્ય ને પુરુ કરવા માટે આપણે સમસ્ત શક્તિ દ્વારા પરિશ્રમ કરવો, એ જ પુરુષાર્થ - **પતંજલિ**
- પોતાની વૃદ્ધિ અને ક્ષયનું એક માત્ર કારણ ભાગ્ય છે - **નીતિશતક**
- નશીબ એટલે પોતાની નિષ્ફળતાના બચાવ માટે મૂર્ખ માણસનું હાથ વગું બહાનું - **એસ. ભટ્ટાચાર્ય**
- ચામડીની આંખ બહુ જુએ છે, અંતરની આંખ એક જ જુએ છે - **સંત દાદુ દયાલ**
- અનિવાર્ય નિરાશાનો આપણે સ્વીકાર કરીએ પણ અનંત આશાનો લોપ કદી ના થવા દઈએ - **માર્ટીન લ્યુથર કિંગ**
- આજનું ઔષધ : ગાયના દૂધમાં સૂંઠ ઘસી પેસ્ટ બનાવી લમણા અને કપાળ પર લગાડવાથી આધાશીશીમાં રાહત થાય છે **(સંકલન : દિપક વી. આસરા)**

## બોધકથા

આજકાલના અધિકારીશ્રીઓ, પ્રધાનશ્રીઓ પદ પર હોય તે દરમિયાન જેટલા લાભો લઈ શકતા હોય તે તમામ લઈ લે સરકારી વાહનના દુરુપયોગ અને ભ્રષ્ટાચાર - કૌભાંડો તો ચાંદલામાં.... દેશદાઝ અને કર્તવ્યનિષ્ઠા તો કોરાણે જ મૂકી દીધાં છે.

ડૉ. રાજેન્દ્ર પ્રસાદ ભારતના પ્રથમ રાષ્ટ્રપતિ હતા. રાષ્ટ્રપતિ ભવનમાં તેઓ સંયુક્ત પરિવાર સાથે 'મધ્યમ વર્ગ'ની જેમ જ રહેતા હતા. તેમની સાથે તેમનાં એક વૃદ્ધ બિમાર ફોઈ પર રહેતાં હતાં.

પ્રજાસત્તાક દિનની પરેડમાં ડૉ. રાજેન્દ્ર બાબુને જવાનું હતું - ઘોડાઓ જોડેલી બગી પણ તૈયાર હતી. ત્યાં તેમણે જાણ થઈ કે 'ફોઈ'નું અવસાન થયું છે. બે મિનિટ ગડમથલ થઈ પણ તરત નિર્ણય લીધો, પહેલાં 'રાષ્ટ્રીય ફરજ' અને કોઈ પણ વિષાદની રેખા વિના રાજેન્દ્ર બાબુ લાલ કિલ્લા પહોંચ્યા - ધ્વજવંદન અને સમારોહની પૂર્ણાહૂતિ પછી જ 'ભવન' આવ્યા અને તે પછી જ ફોઈની અંતિમ ક્રિયાઓ કરી.

# પ્રજાકીય ચેતના સંકોરવાનું પર્વ

તંત્રીસ્થાનેથી...

વધુ એક પ્રજાસત્તાક દિવસ ઉગ્યો અને બાર કલાક બાદ આથમી પણ જશે. પ્રશ્ન એ રહેશે કે અંગ્રેજોને વિધિસર વિદાય કરી દીધા પછી ભારતના રાજયબંધારણ મુજબ દેશનું સુકાન પ્રજાના હાથમાં સોંપાયા છતાં ખરેખર આપણે 'પ્રજાસત્તાક' થયા હોવાનું ફીલ કરી શકીએ છીએ ખરા? ૨૬ જાન્યુઆરીનો દિવસ ભારતના ઈતિહાસમાં બે રીતે મહત્વનો છે. રાવી કિનારે લાહોર ખાતે ૧૯૨૯માં મળેલ કોંગ્રેસ અધિવેશનના પ્રમુખ સ્થાનેથી તત્કાલિન કોંગ્રેસ પ્રમુખ પંડિત જવાહરલાલ નહેરુએ 'પૂર્વ સ્વરાજ' ની પ્રતિજ્ઞા લેવડાવીને અંગ્રેજ સત્તાધીશોને સ્પષ્ટ જાકારો આપતો સંદેશ આપ્યો હતો. એ પછીના ઘટનાક્રમમાં ગાંધીજી દ્વારા 'અંગ્રેજો, ભારત છોડો' - ક્વિટ ઈન્ડિયાનો સંદેશ આપી આઝાદીની ચળવળને પરિણામલક્ષી બનાવી હતી અને આખરે જેના સામ્રાજયનો સૂર્ય કયારેય આથમતો નહોતો તેવા બ્રિટીશ તાજને ભારતમાંથી વિદાય થવું પડ્યું હતું. પંડિત નહેરુના હાથમાં સ્વતંત્ર ભારતનું સુકાન આવતાં એમણે ગાંધીજીની સલાહથી પ્રખર કાનૂનવિદ્ અને રાષ્ટ્રીય નેતા ડૉ. બાબાસાહેબ આંબેડકરને બંધારણનો ડ્રાફ્ટ તૈયાર કરવાનું કામ સોંપ્યું. ડૉ. રાજેન્દ્ર પ્રસાદની અધ્યક્ષતાવાળી રાષ્ટ્રીય બંધારણ સમિતિમાં અન્ય સભ્યો સાથે પ્રખર સાહિત્યકાર કનૈયાલાલ મુનશી પણ સામેલ હતા. બંધારણ સમિતિએ પસાર કરેલું સંવિધાન ૨૬ જાન્યુઆરી, ૧૯૫૦ના દિવસથી અમલી બન્યું અને તે દિવસને રાષ્ટ્રીય પર્વ તરીકે માન્યતા સાંપડી. દેશની રાજધાની નવી દિલ્હીથી લઈ 'ફેડરલ રિપબ્લિક' - સંઘમાં સમાવિષ્ટ દરેક રાજયની રાજધાનીમાં આ રાષ્ટ્રીય પર્વની ઉજવણી વિધિવત્ શરૂ કરાઈ, જે કાળક્રમે એક કર્મકાંડ બનીને રહી જવા પામી છે. ઘણા લોકોને તો સ્વાતંત્ર્ય દિવસ અને પ્રજાસત્તાક દિવસ વચ્ચેના ફરકની પણ ખબર નથી હોતી. આવા લોકોમાં પ્રજાના કેટલાક ચૂંટાયેલા પ્રતિનિધિઓનો પણ સમાવેશ થાય છે. જયારે તેઓ ધ્વજ ફરકાવતી વખતે આવો બફાટ કરી બેસે છે ત્યારે એણની અને એમને ચૂંટી મોકલનાર પ્રજાસત્તાક રાષ્ટ્રના નાગરિકોની દયા જ આવે કે બીજું કંઈ ? આપણી પ્રજા ઉત્સવ પ્રિય છે, એટલે એને દિલ્હીના રાજપથ પર પ્રજાસત્તાક દિને યોજાતી આલા ગ્રાન્ડ પરેડ કે લાલ કિલ્લા પર સ્વાતંત્ર્ય દિને યોજાતા ધ્વજારોહણમાં રસ જરૂર પડે છે, પરંતુ હજી આ બે રાષ્ટ્રીય પર્વો કે ત્રીજા રાષ્ટ્રીય પર્વ તરીકે ઊજવાતી ગાંધીજયંતિને પ્રજાએ કૃષ્ણ જન્માષ્ટમી, મકરસંક્રાંતિ, નવરાત્રી, દિવાળી કે હોળી જેવાં સાંસ્કૃતિક ધાર્મિક પર્વોની હરોળમાં મૂકવાની જાગૃતિ દર્શાવી નથી, તે સૂચક છે. આપણી પ્રજાનો એક બહુ જ મોટો વર્ગ વ્યક્તિપૂજક છે. 'ગૉડ સેવ ધ કિંગ' જેવું રાષ્ટ્રીય ગીત બ્રિટનની લોકશાહીમાં પણ ચાલુ રહી શક્યું હોય તો આપણે તો પરંપરાઓમાં માનનારી પ્રજા છીએ. ગુજરાતમાં વડોદરા નરેશ સયાજીરાવ ગાયકવાડ અને ગોંડલ નરેશ ભગવતસિંહજી જેવા રાજવી થઈ ગયા છે. પ્રજા હજી એમને યાદ કરે છે અને આજની લોકશાહી કરતાં જૂની રાજશાહી લાખ દરજ્જે સારી હતી એવાં વિધાન કરતી રહે છે. પ્રજાજનોના આ બળાપા પાછળ આપણા સત્તાધીશોની સતત શંકાસ્પદ રહેતી આવેલી મૂલ્યનિષ્ઠા જવાબદાર છે. લોકશાહીમાં લોકો જ રાજ કરે છે, પણ કેવા લોક? દિવસે દિવસે નેતાગીરીમાં વધુ ને વધુ મની અને મસલ પાવર ઉમેરાતો રહ્યો છે. બંધારણ અમલી થયા પછી થયેલી પ્રતિનિધિઓ અને સત્તાધારીઓને સરખાવવાની કોશિશ કરીએ તો તફાવત તરત જ સમજાઈ જશે. હવે તો રાજકારણ એક ધીકતો વ્યવસાય બલકે 'ઈન્ડસ્ટ્રી' બની ગયેલ છે. આવા સંજોગોમાં વધુ એક પ્રજાસત્તાક દિવસની ઉજવણી આપણી ચેતનાને સંકોરી શકે તો એ ઈશ્વરની કૃપા જ લેખાશે.

# કમળો : આટલું જાણવું જરૂરી છે...

આપણું શરીર એ વિશ્વની સૌથી મોટી અને જટિલ ફેક્ટરી છે. આ એવી ફેક્ટરી છે કે જેને સમજવા માટે સાઈન્ટીસ્ટો વર્ષોથી મહેનત કરી રહ્યા છે પણ હજુ શરીરની કાર્યપ્રણલીની માંડ થોડીઘણી ગતાગમ પડી છે. શરીરની દરેક સિસ્ટમ એકબીજા સાથે જોડાયેલી અને એકબીજા પર નિર્ભર છે. શરીરના દરેક અંગ આવી કેટલીય સિસ્ટમ સાથે જોડાયેલા હોય છે.



આજે આપણે એક એવા જ રોગની વાત કરવાના છીએ. કમળો...કે જે લિવર સાથે સબંધીત છે. આપણું લિવર આપણા શરીરની કેમિકલ ફેક્ટરી છે. એક રિસર્ચ પ્રમાણે સાબિત થયું છે કે લિવરમાં લગભગ દરેક જાતના રસાયણો બની શકે છે. આપણને કમળાનો પરિચય છે જ. ચામડી પીળી પડી જાય, આંખો પીળી થઇ જાય, પેશાબ પીળો ઉતરે, નબળાઈ લાગે આદિ તેના લક્ષણો છે. બીજા રોગો કરતા કમળાનું નિદાન ખૂબ ઝડપથી થાય છે કારણકે તેના લક્ષણો આંખે ઉડીને વળગે તેવા છે. ચામડી અને આંખો પીળી પડવાનું કારણ બિલિરૂબીન નામનું પીળું રસાયણ છે. આપણા લિવરનું એક કાર્ય જુના રક્તકણોનો નાશ કરવાનું છે. જ્યારે લિવરમાં જુના રક્તકણોનો નાશ થાય છે ત્યારે તેમાથી બિલિરૂબીન ઉત્પન્ન થાય છે. સામાન્યતઃ આ બિલિરૂબીનનો નિકાલ લિવર કરી દે છે પણ જ્યારે લિવરની કાર્યક્ષમતા ઘટે છે, કે લિવરમાં સોજો આવે છે, કે બિલિરૂબીનને નિકળવાના માર્ગમાં અવરોધ આવે છે ત્યારે આ બિલિરૂબીન રક્તપ્રવાહમાં ભળી જાય છે. આથી ચામડી, નખ, આંખો અને પેશાબ પીળા દેખાય છે.

આધુનિક ચિકિત્સાશાસ્ત્રમાં કમળાની કોઈ દવા નથી. સંપૂર્ણ આરામ અને આહાર-વિહારમાં કંટ્રોલ એ બે જ મુખ્ય ઔષધ છે. આ ઉપરાંત શરીરની સિસ્ટમને સપોર્ટ મળી રહે એ હેતુસર ગ્લુકોઝની આપૂર્તિ પણ કરવામાં આવે છે.

આયુર્વેદમાં લિવરને પોષણ આપનારા અને તેની કાર્યપ્રણાલીને સપોર્ટ કરનારા અનેક ઔષધો છે. આ ઔષધો નો યોગ્ય ઉપયોગ કમળા જેવી બિમારીમાં થી જલ્દી રિકવરી આપે છે. ઔષધો જેવાકે ભોયઆમળી, વિકળો, સાટોડી, ગોખરૂં, કડું, કરિયાતું, શરપુંખો, ત્રિફળા, વાયવરણો આદિ લિવર માટે ખૂબ ફાયદાકારક ઔષધો છે. આ ઉપરાંત કાળી શેરડી પણ એક ઉત્તમ ઔષધની ગરજ સારે છે.



પહેલું સુખ તે જાતે નર્યા

ડો. કેદાર ઉપાધ્યાય

ઔષધો ઉપરાંત આહાર-વિહારમાં પણ કાળજી લેવી. સંપૂર્ણ આરામ પાળવો, હળવો પ્રવાહી ખોરાક લેવો, ઘી-તેલ-મેંદો-તીખું-તળેલું બંધ કરવા, શેકેલા દાળીયા લેવા, આદુંનો રસ અને ગોળ લેવા, બાફેલો વેજીટેબલ સૂપ લેવો. જેમ જેમ કમળાના લક્ષણો ઓછા થતા જાય તેમ તેમ આહાર વિહારમાં ક્રમશઃ છૂટછાટ લઈ શકાય. ખોટો ડર રખવો નહિં, યોગ્ય આહાર-વિહાર અને ઔષધપ્રયોગથી કમળો સહેલાઈથી મટી શકે છે...જયહિન્દ...

# એક ઢોલી ચૂપ છે અવસર વિષે



મનના ઉમંગો

રણછોડ પરમાર

છવ્વીસમી જાન્યુઆરી એટલે આપણો પ્રજાસત્તાક દિન એ આપણે બધા સારી રીતે જાણીએ છીએ. છતાં ઘણાં લોકલાડીલા નેતાઓ ભાષણ કરવાના ઉત્સાહમાં પ્રજાસત્તાક દિવસે સ્વાતંત્ર્ય દિનની અને સ્વાતંત્ર્ય દિનના અવસરે પ્રજાસત્તાક પર્વની ભેળસેળ કરી નાંખે છે. ઉત્સાહમાં ને ઉત્સાહમાં તેઓ ના કહેવાનું કહી છે અને ખરી કહેવાની વાતો બાકી રહી જાય છે. પ્રજા આ બધું મૂંગા મોંઢે સહી લે છે એટલું જ નહીં ઘણી જગાએ તાળીઓના નાદથી વધાવી લે છે. ભારતીય જનતાની મુખ્ય બે આદતો છે. એક ગમે તેવી મુશ્કેલીઓ હરફ પણ ઉચ્ચાર્યા વિના સહન કરી લેવી અને સુખના અવસરે હો હા અને હોંકારા કરી ગામ ગજવી દેવાની. નેતાઓ આ વસ્તુ બરાબર જાણે છે. આથી તેઓ થોડા થોડા સમયે લોકોની સહનશીલતાના બે મોંઢે વખાણ કરતા રહે છે અને જયારે એવું લાગે છે. જનતા જનાર્દનની સહન કરવાની શક્તિ ખુંટવા આવી છે ત્યારે રાહતનો ગણો તો રાહતનો અને સુખનો ગણો તો સુખનો એક અવસર ઊભો કરી દે છે. એ પ્રાપ્ત થતાં પ્રજા એની ઉજવણીમાં અને જયજયકારમાં પાછી તણાઈ જાય છે. જયાં જરૂર પડે ત્યાં આગેવાનો દેશભક્તિનો અહાલેક જગાડવાનું પણ ચૂકતા નથી. રખેને આપણે દેશદ્રોહીમાં ગણાઈ જઈએ એ બીકે ગમે તેવી આકરી તકલીફો પણ સહન કરી લઈએ છીએ.

પંદરમી ઓગસ્ટ - ૧૯૪૭ના રોજ તખ્તો પલટાયો. ગોરા અંગ્રેજ ગયા અને કાળા અંગ્રેજ આવ્યા. (ચીનુ મોદીએ 'કાળો અંગ્રેજ' નામથી જોરદાર નવલકથા લખી છે, પ્રાપ્ત થાય તો જરૂરથી વાંચજો.) પછી બંધારણ સભા બની. દેશના ડાહ્યા ગણાતા માણસોએ ભેગા મળી, અપાર મથામણ અને અથાગ વિચારણા કરી આપણા સૌના માટે બંધારણ બનાવ્યું. છવ્વીસ જાન્યુઆરી - ૧૯૫૦થી બંધારણ અમલમાં આવ્યું અને આપણે આપણા રાજા બન્યા. સત્તાનો દોર પ્રજાના હાથમાં સોંપવામાં આવ્યો અને આપણે પ્રજાસત્તાક કહેવાયાં.

આજે આઝાદી મળ્યાના સિત્તેર વર્ષે અને પ્રજાસત્તાક બન્યાના સડસઠમાં વરસે આપણા હાથમાં કેટલી સત્તા આવી એનો વિચાર કરીએ તો હૃદયને ખરેખરો હરખ થાય એવું કોઈ ચિત્ર સાંપડતું નથી. આઠમી નવેમ્બરની સમી સાંજે નોટબંધીની જાહેરાત થઈ એ પછી બેંકોની બહાર અને એટીએમના આંગણે જે દશ્યો જોવા મળ્યા એ લાઈનમાં રહેલામાંથી કોઈ ભૂલી શકશે નહીં. આખી ગાડી ભરીને નવી નોટોની થપ્પીઓ લઈ જનારા પ્રસંગોપાત એમની બહાદુરી અને કુનેહની ચર્ચાઓ કરતા રહેશે અને ઘેરબેઠાં નવી નોટોનો બંડલ મેળવનારાઓ પણ વખત આવ્યે આ ઘટનાદોર વિસરી શકશે, પણ દસ દસ કલાક જેના પગે પાણી ઉતર્યા છે એ બધાના ચિત્તમાંથી આ ચિત્રો ભૂંસાઈ જવાનું સહેલું નથી. ચાલું, આપણા પૈસા આપણે ઉપાડી શકીએ નહીં, આપણા પૈસા આપણે વાપરી શકીએ નહીં અને આપણા પૈસા આપણે કોઈને આપી શકીએ નહીં તો પછી પ્રજાસત્તાક કહેવાવાનો શો અર્થ? લાંબી લાંબી લાઈનોમાં ઊભા ઊભા જેઓ આ પૃથ્વી છોડી ગયા છે એમના કુટુંબીજનો આ દિવસોને કેવી રીતે યાદ કરશે? જરા કલ્પના તો કરો જેમણે કેવળ અઢી હજાર રૂપિયા લેતા જીવ ખોયો છે એના ક્રિયાકરમનો ખર્ચ કાઢતાં આપ્તજનોને શું શું નહીં વીત્યું હોય? આ દેશમાં લઠ્ઠો પીવાનું પાપ કરીને મૃત્યુને ભેટનારા ને સરકાર સહાય કરે છે અને કોઈ વાંકગુના વગર મરતા માણસને કશું જ નહીં? આ વાતની તો કોઈ ચર્ચા પણ કરતું નથી, કેમ ? જો નૃપ (રાજા) દયાહીન થયો તો ધરતી એના રસકસ ખોઈ દેવાની (યાદ કરો 'દયાહીન થયો નૃપ, રસહીન થઈ ધરા.' કવિ કલાપીની 'ગ્રામ્યમાતા' કવિતા) માણસ જેવા માણસ મરી ગયા છે, કોઈ કૂરકૂરિયું ગાડી નીચે કચડાઈ ગયું નથી કે બેચાર દિવસ ભૂલી જવાય.

પ્રજાસત્તાક દેશમાં કોઈ સામાજિક સંસ્થાઓ સરકારના પ્રભાવ હેઠળ હોવી ના જોઈએ. સમાચારપત્રો હોય કે ન્યૂઝ ચેનલો હોય કે સહકારી બેંકો હોય કે સાહિત્યિક સંસ્થાઓ હોય એ સૌને પૂરેપૂરી સ્વતંત્રતા મળી હોવી જોઈએ. અરે ગામનો સરપંચ પણ આ કે તે પક્ષનો શા માટે હોય એ તો આખા ગામનો હોવો જોઈએ. એક વાર ધારાસભ્ય કે સંસદસભ્ય તરીકે ચંટાઈ ગયા પછી ભૂલી જવાનું કે કોણે તમને મત આપ્યા હતા અને કોણે નહોતા આપ્યા. સબકા સાથ, સબકા વિકાસની ભાવના ત્યારે ચરિતાર્થ થાય. અરે, હવે તો નેતાઓ, ચૂંટણીમાં તેમની જીત માટે રાતદિવસ કાર્ય કરનાર કાર્યકરોને પણ ભૂલી જાય છે તો પછી પેલા સામાન્ય મતદારની શી વિસાત? એને સાંભળવાની વાત દૂર રહી એની સામું જુવે છે એ બીજા, આવા હાલ આખા દેશમાં છે.

હમણાં 'વાઈબ્રન્ટ ગુજરાત'ની ઉજવણી થઈ. એમાં કહેવાય છે કે બસોથી ત્રણસો કરોડ રૂપિયા ફક્ત રોશની માટે વપરાયા! આખા ગાંધીનગરમાં અને અમદાવાદના માર્ગો ઉપર ઝળાંહળાં દીવા પાંચ દસ દિવસ બળ્યા. આવો ઝગમગાટ તો ૧૫મી ઓગસ્ટ ૧૯૪૭ની મધરાતે પણ નહીં થયો હોય! કંઈ કેટલાય અબજોના એમઓયુ થયાં. એક એમઓયુ અન્વયે દસ બેરોજગારોને કામ મળશે એવું સાદું ગણિત માંડીએ તોય ગુજરાતમાંથી બેરોજગારી નાબૂદ થઈ જાય. પણ એવું બનશે ખરું? આજ સુધી તો આવું કશું થયું નથી. હજુ વાઈબ્રન્ટની ધ્રુજારી તો શમી નથી ત્યાં કચ્છમાં પાછો ભારે ઉત્સવ ઉજવવાનો છે. સરકાર આવા મહોત્સવો ઉજવણી હોય ત્યારે આપણે શું કામ પાછા પડીએ? ખોડલધામમાં આ બધાને આંટી દે તેવો કાર્યક્રમ થયો. કદાચ આપ આ લેખ વાંચતા હશો ત્યારે ચારેબાજુથી એના લેખાંજોખાં લેવાતા હશે. હવે કોઈ ધાર્મિક સંસ્થા કૂદી ના પડે તો સારું.

હમણાં પ્રસિદ્ધ ગઝલકાર એસ.એસ. રાહીનો 'હજુ અજવાસ છે કાળો' ગઝલસંગ્રહ વાંચ્યો. બહુ મજા આવી. એમની એક ગઝલ રજૂ કરું છું. આશા રાખું છું કે આપને જરૂરથી ગમશે.

**ગઝલ**

એક ઢોલી ચૂપ છે અવસર વિષે,
માંડવો પણ ના રડે ઝાંઝર વિષે.
મ્હેલમાં ટોળે વળેલા માણસો,
કાંઈ પણ જાણે નહીં ઝુમ્મર વિષે,
ને હળાહળ ઝેરની વાતો મહીં,
કયાં કશો ઉલ્લેખ છે શંકર વિષે?
ગામ આખું તો પડી પાદર થયું,
કાગડા ચિંતા કરે ટાવર વિષે.
સૌ કોઈ પ્રશ્નો લઈ આવ્યા અહીં,
કોઈને ચિંતા નથી ઉત્તર વિષે.

**- એસ.એસ. રાહી**

# કાર્ય વાવેલ બી જેવું છે, જે ઊગીને વધે છે અને વધીને નવું આપે છે



લાગણીનો મેળો

રસિક વાળંદ

ફરક ફરક તું મુક્ત હવામાં,
ઝંડા ઉડ તું ઉંચે વ્યોમ.
અમ મસ્તક પર રહે ફરકતો,
જ્યાં લગી નભમાં સૂરજ – સોમ.
ઝંડા મુક્ત વિહર જગ વ્યોમ,
સાથી હો તવ સૂરજ – સોમ.

૨૬ જાન્યુઆરી... પ્રજાસત્તાક દિન... ગણતંત્ર દિન... આજે દેશભક્તિનું ઘોડાપૂર ઉમટશે... રાષ્ટ્રભક્તિ ને દેશદાઝની ગુલબાંગો પોકારાશે... પછી બધું જ ઢબુરાઈ જશે... ને આવતીકાલ ઢૂંકડી..!!

પ્રદર્શનપ્રિયતા હવે તો નખશીખ પચી ગઈ છે.

મિત્રો, માત્ર પંદરમી ઓગષ્ટ – સ્વાતંત્ર્યદિન કે ગણતંત્રદિન (૨૬ જાન્યુ.) ઉજવીને રાષ્ટ્ર પ્રત્યેની આપણી ફરજ પૂરી થતી નથી... આઝાદીના સાત દાયકા વટાવ્યા પછીયે આ ભારતીય પ્રજાની મનની ગુલામી દૂર થઈ નથી. અડધી રાતે મળેલી એ આઝાદીનું પ્રભાત ક્યારે ફૂટશે!!?

એક બસસ્ટેશન પર એક નાનકડો છોકરો ભીખ માગતો હતો, કોઈએ તેને પૂછ્યું, 'તને પહેરવા કપડાં નથી?' એણે કહ્યું, 'મને ગરીબને ક્યાંથી?' તને ખાવા અન્ન નથી?' જવાબ એનો એ જ 'મને ગરીબ ને ક્યાંથી?' પ્રશ્ન પૂછનારને મજાક કરવાનું મન થયું, તેણે પૂછ્યું, 'તને માબાપ નથી?' તો કહે, મને ગરીબને ક્યાંથી?' આપણું પણ આ કંગાલ ભિખારી છોકરા જેવું જ થયું છે.

આપણી પાસે જાણે કોઈ સંસ્કાર, સંસ્કૃતિ, સાહિત્ય, વિદ્યા-વારસો કે જ્ઞાન પરંપરા છે જ નહિ, એમ માનીને આપણે ચાલીએ છીએ. કોઈપણ સારી વાત 'આપણી પાસે ક્યાંથી?' એવી કંગાળ મનોવૃત્તિથી આપણે પીડાઈએ છીએ.

દોસ્તો, ભારતભૂમિ તો જ્ઞાની – ભક્તો, ઋષિમુનિઓનો દેશ છે. 'ભા' એટલે જ્ઞાન, અને 'રત' એટલે 'મસ્ત' 'દુર્લભે ભારત જન્મ' પ્રત્યેકને અહી જન્મ મળવો એ જીવનું સૌભાગ્ય લાગવું જોઈએ. પરંતુ કમનસીબે દેશવાસીઓના મનમાંથી ભારત માટેની અસ્મિતા ઓસરતી ગઈ છે. આ દુઃખદ બિના ગણાય! રાષ્ટ્ર માટે ભોગ આપવાનું તો બાજુએ રહ્યું... રાષ્ટ્રના ભોગે પોતાના ઉપભોગો મેળવી લેવાની વૃત્તિ પ્રબળ બનતી જાય છે. દેશ ટકે છે મજબૂત મનોબળવાળા માનવીઓથી... આપણી લાગણીઓ દુભાવવા ત્રિરંગી પગલૂછણિયાં બને... દેવી – દેવતાના ચિત્રોવાળાં પગરખાં બને... આવું તો અનેકાનેક ચીજવસ્તુઓ વેચાણ અર્થે મૂકાય છતાં આપણા પેટનું પાણીય હાલતું નથી! એક સહેતુક ઈરાદાપૂર્વકનું સુનિયોજિત ષડયંત્ર રચી આપણી અસ્મિતાને ઝાકમઝોળે છે. છતાં ભારતીયો સૌ નિષ્પ્રાણ... નિશ્ચેતન...માનનીય સુષ્માજીને નમસ્કાર... ખોંખારીને બોલ્યા ખરા!

પ્રત્યેક દેશવાસીના દિલમાં રાષ્ટ્રભાવના નિર્માણ થવી જોઈએ... હું નહિ મારો દેશ... મારા દેશની વિશિષ્ટ કે આગવી પરંપરાઓનું પૂજન કરવું... અનુસરણ કરવું એ મારું પ્રથમ કર્તવ્ય છે. ખોટા ગર્વની બદબૂ નહિ સાચા ગૌરવની ખુશ્બુ ફેલાવીએ..

માણસના જીવનમાં સ્વરાષ્ટ્ર માટે એક વિશિષ્ટ પ્રકારની અસ્મિતા હોવી જોઈએ. હમણાં Watts App પર એક પ્રેરણાદાયી મેસેજ વાંચ્યો... 'અમદાવાદનો રોકસ્ટાર રીક્ષાવાળો' આ અનોખા અમદાવાદી પર મોરારી બાપુ પણ ફિદા છે; તે રીક્ષાનું ભાડું લેતો નથી, પણ એક ખાલી કવર પેસેન્જર સામે મૂકી દે છે, જેને જેટલું આપવું હોય એટલું આપેઃ ઉદયસિંહ જાદવની જેમ તેની ઓટો પણ નિરાળી છે. રીક્ષામાં કચરો નાખવા કચરાપેટી, લાયબ્રેરી, પાણી પીવા માટે બોટલ, નાસ્તો, પંખો, રાત્રે વાંચવા માટે લાઈટ સહિતની મુસાફરો માટેની વ્યવસ્થા જોઈને મોરારીબાપુને અચરજ થયું હતું.

બાપુએ રામકથા દરમ્યાન પહેલા જ દિવસે કહ્યું હતું કે 'આ રીક્ષાવાળાએ તેની રીક્ષામાંથી કોઈ કચરો બહાર ન ફેંકે એ માટે રીક્ષામાં ડબ્બા રાખ્યા છે એ મને બહુ ગમ્યું. 'હું ઉદયને સાધુવાદ આપું છુ.' 'સ્વચ્છતા અભિયાનની વાત મને આનંદ અપાવી ગઈ.'

રીક્ષામાં સત્ય અને પ્રેમ નામનાં બોક્સ છે જેમાં સત્ય નામના બોક્સમાં પાણીની બોટલ અને પ્રેમ નામના બોક્સમાં થેપલાં, સુખડી, ચીક્કી, મઠીયા સહિતનો નાસ્તો હોય છે. મુસાફરો પાણી વિનામૂલ્ય પી શકે છે. અને નાસ્તો પણ વિનામૂલ્ય કરી શકે છે. રીક્ષામાં એક અક્ષયપાત્ર પણ રાખ્યું છે. જેમાં રોજની કમાણીમાંથી પાંચ, દસ કે અથવા બે રૂપિયાનો સિક્કો નાખે છે. એ પૈસા પછી એકઠા કરીને જરૂરિયાતમંદને આપે છે.

આ રીક્ષાચાલક ભાઈ ઉદયસિંહ જણાવે છે કે, 'જીવનમાં પૈસો સર્વસ્વ નથી. હું વિચાર વેચું છું. એનો મને આનંદ આવે છે. લોકોને ખુશી મળવી જોઈએ. ૨૦૧૦થી આ કન્સેપ્ટ શરુ કરનાર ઉદયસિંહ જાદવને ત્રણ દીકરાઓ છે. તેમાં પત્ની પણ તેની આ સેવાથી ખુશ છે. તેમની રીક્ષામાં બીગ બી, પરેશ રાવલ, આશા પારેખ, ચેતન ભગત, મોરારી બાપુ, સહીતની સેલીબ્રીટીઝે બેસી આંટો માર્યો છે. અને તેના વિચારોની સરાહના પણ કરી છે.

ભારતીય સંસ્કૃતિ ભક્તિના પાયા પર અડગ ખડી છે. પૂ. પાંડુરંગ શાસ્ત્રીજી તો ભક્તિને સામાજિક સામાજિક કહે છે, **'BHAKTI IS A SOCIAL FORCE.'** ભક્તિ માણસને ત્યાગ, બલિદાન, સેવા કરવા પ્રેરે છે. ભક્તિની બેઠક પર જ ભારતનું નવસર્જન શક્ય છે.

'પ્રજાસત્તાક દિન' ના પાવન અવસરે પ્રત્યેક ભારતવાસીએ સમગ્ર રાષ્ટ્રના હિતની દ્રષ્ટિએ જ વિચારવાનો સંકલ્પ કરવો જોઈએ. કઠીન કાર્યને માટે આદરેલો આપણો પ્રયત્ન ઈશ્વરીકૃપાને ખેંચી લાવવા સમર્થ છે.

**- સ્પર્શમણિ**

- કાર્ય વાવેલ બી જેવું છે, જે ઊગીને વધે છે અને વધીને નવું આપે છે.
- સ્વતંત્રતા એવો સિક્કો છે, જેની એક બાજુ પર 'આઝાદી' અને બીજી બાજુ પર 'જવાબદારી' એમ લખેલું છે.

**- દાદા ધર્માધિકારી**